માધ્યમિક શિક્ષણ બોર્ડનો ચુંટણી જંગ

# સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં મતદારોને ઢંઢોળતા બોર્ડના ઉમેદવારો

## શિક્ષણને સુધારવા નિષ્ક્રિયતા છોડવી પડશે

હિંમતનગર તા.૧૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ ગાંધીનગરની આગામી સમય મા ચૂંટણી યોજાનાર છે ત્યારે તેમાં શિક્ષણ ના વ્યવસાય સાથે સંકળાયેલા તમામ લોકો એ મતભેદ અને મનભેદ ભૂલી ને વિરો ને જવાબ દારી સોંપી નબળા શિક્ષણ ના કલંક ને મિતાવવા ની જરૂર છે એમ શનિવારે હિંમતનગર ખાતે આવેલા ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળા સંચાલક ની બેઠક પરથી ઉમેદવારી નોંધાવનાર નીડર અને સ્પષ્ટ વક્તા એવા ડોક્ટર દિપક રાજગુરુ અને હવે પરિવર્તન નો આવ્યો છે જેથી શિક્ષણ ના વ્યવસાય સાથે સંકળાયેલા સવ શિક્ષણ વિદોએ જાગવાની જરૂર છે નહીં તો ભાવિ પેઢી બનીબેઠેલા શિક્ષણ ના બદલવનો જંડો લઈને ફરતા તક વાદીઓ ને માફ નહિ કરે

આમેય હાલ જો શિક્ષણ મા આમૂલ પરિવર્તન થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ...

મહેશ પંડિયા એ ઉપસ્થિત સંચાલક મિત્રો ને અનુરોધ કરતા જણાવ્યું હતું કે અત્યારે શિક્ષણ મા પરિવર્તન ની જરૂર છે અને કોરોનાએ સવ વિદ્યાર્થીઓ અને વાલીઓ ને આ કપરા સમય મા






એક થવાની જરૂર છે જેથી સરકારો ભલે બદલાય પણ શિક્ષણ ના અભ્યાસ ક્રમો બદલવા ના જોઈએ અને આઈપીએસ તથા આઈ.ઈ.એસ. ની જેમ પરીક્ષા લઈ ને તેમાં નિપુર્ણતા સાથે ઉજ્વળ દેખાવ કરનાર શિક્ષણ સેત્ર ના ભાવીને ઉજાગર કરે તેવા શિક્ષણ આચાર્ય સંઘ ની બેઠકના લોક પ્રિય ઉમેદવાર મહેશ પંડિયા એ સંચાલક મિત્રો ને અનુરોધ કરી વિજયી બનાવવા માટે આહવાન કર્યું હતું જોકે આમેય ભાવિ પેઢીના શિક્ષણ ને અભણ નેતાઓ જ્યારે શિક્ષણ નીતિમા બદલાવની વાતો કરી ગુમરાહ કરે છે ત્યારે સમય માત્ર ને માત્ર ડીગ્રી પૂરતું સીમિત છે અને સમય તથા નાણાં નો વ્યએ કરી ડીગ્રી ના પ્રમાણ પત્રો લઈને ફરતા યુવાનો ને રોજગારી મળતી નથી જેના માટે જો કોઈ જવાબદાર હોય તો તે વર્તમાન શિક્ષણ નીતિ છે માટે હજુપણ સમય છેકે જાગો અને ધ્યેય માટે ચિંતા કરીને શિક્ષણ લગભગ દોઢ વર્ષ થી ગરમા પુરાઈ રહેલા નિર્દોસ ભૂલકાઓ ની મનો વ્યથા ની આછેરી ઝલક આપીને સરકારે જે માસ પ્રમોશન આપી દીધું છે તેના કારણે ભવિસ્ય મા આ બાળકો ને કેટલું સહન કરવાનો થશે તેની કલ્પના રજૂ કરી હતી.

# સરડોઈમાં રાસ-ગરબાની રમઝટ સાથે ગણેશ વિસર્જન

## ગ્રામજનોએ ડી.જે.ના તાલે દુંદાળા દેવને આપી વિદાય



સરડોઈ તા. ૧૯

મોડાસા તાલુકાના સરડોઈ ગામે રવિવારે રાસગરબાની રમઝટ સાથે ગણેશ વિસર્જન યોજવામાં આવ્યું હતું.ગામના પરબડી ચોકમાં સતત ૧૩ માં વર્ષે ગણપતિ મહોત્સવ ની ઉજવણી દરમ્યાન વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા અને ૧૦ માં દિવસે આસ્થા પૂર્વક શોભાયાત્રા કાઢી વિઘ્નહર્તાને વિદાય આપવામાં આવતા વાતારવરણ ગણપતિ બાપા મોરિયા ના નારા થી ગુંજી ઉઠ્યું હતું.આ વર્ષે કોરોના સંક્રમણ ઓછું થતાં સરકારી ગાઈડ લાઈન મુજબ ઉજવાયેલા મહોત્સવમાં રંગોળી તેમજ ૧૫૧ દીવડાની આરતી આકર્ષણ નું કેન્દ્ર બની હતી.ગણેશ યુવક મંડળ અને ગ્રામજનો ના સહયોગ થી ગણપતિ ઉત્સવ અને વિસર્જનનો કાર્યક્રમ સંપન્ન થયો છે.



## જન્મદિને વધામણી



સુથાર વિરાટ અજય કુમાર, કસાણા તા.મેઘરજ



માદ્રી ચિરાગકુમાર જોશી એફ-૨૭, વ્રજ ગાર્ડન, બાયડ



એડવોકેટ પરેશભાઈ પટેલ ઉભરણ તા.માલપુર



વૃષીન ચૌધરી આક્રુંદ તા.ધનસુરા



ડો.પ્રથમ મહેશભાઈ પટેલ ડેમાઇ તા. બાયડ



મન મનીષભાઈ પટેલ ટિંટોઈ તા.મોડાસા

# બાયડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા પેન્શન નીતિ અંગે આવેદન અપાયુ

મોડાસા તા.૧૯

નવી પેંશન યોજના બંધ કરી જૂની પેંશન યોજના ચાલુ કરવા બાબતે બાયડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ધારાસભ્ય બાયડ- માલપુર જશુભાઈ એસ.પટેલને બાયડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ અને રાજ્ય પ્રાથમીક શિક્ષક સંઘના મહામંત્રી સતિષભાઈ એમ. પટેલ અને મહામંત્રી (બાયડ તા.પ્રા. શિ. સંઘ ) શરદ પટેલ, ઉપ પ્રમુખ ધર્મેશ ભાઈ સોની, સહમંત્રી પંકજ બારોટ, નાણાં મંત્રી સંજય બારોટ , પૂર્વ પ્રમુખ બાબુભાઈ



અ. પટેલ, બાયડ તા.ટી.મંડળી ચેરમેનશ્રી નરેશભાઈ પટેલ તમામ હોદેદારો અને મોટી સંખ્યામાં શિક્ષકો દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું. ધારાસભ્ય દ્વારા પ્રાથમિક શિક્ષકોની રજુઆત રાજયસ્તરે પહોંચાડવા ખાતરી આપેલ છે.

# મેઘરજ તાલુકામાં શ્રી જલારામ મંદિર ખાતે હવન અને યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું

મેઘરજ તા.૧૯

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ નાં યોગ કોચ પાયલ બેન આર. વાળંદ દ્વારા ગુજરાતનાં પનોતા પુત્ર માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ને ૭૧ માં જન્મ દિવસની હાર્દિક શુભેચ્છા પાઠવવા અને માન.ચેરમેનશ્રી યોગસેવક શિશપાલજીના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા માન. વડાપ્રધાનશ્રી ના સ્વસ્થ જીવન અને દિર્ઘાયુ ની કામના માટે જન્મદિવસની ઉજવણી રૂપે મેઘરજ તાલુકામાં શ્રી જલારામ મંદિર ખાતે હવન અને યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું તેમાં મેઘરજ તાલુકા નાં અગ્રણીઓ માન.



દીપકભાઈ રામદેવ પુત્રમ રામદેવ આશ્રમ વૈયા ,શ્રી કનુભાઈ તરાળ સંચાલક શ્રી હરીઓમ વિદ્યાલય મેઘરજ, ગાયત્રી મંદિર મેઘરજ નાં પુજારી અશોકભાઈ, મેઘરજ તાલુકાના યોગ ટ્રેનર્સ,તથા શ્રી હરીઓમ વિદ્યાલય નાં સ્ટાફ તથા વિદ્યાર્થી ગણ મળી ૨૦૦ થી વધુ લોકો કાર્યક્રમમાં જોડાઈ ગાયત્રી મંત્રો અને સંપૂર્ણ વિધિ પૂર્વક હવન અને યોગ સાથે માન.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી ના સ્વસ્થ જીવન અને દીર્ઘાયુ માટે પ્રાર્થના કરવામાં આવી. સંપૂર્ણ કાર્યક્રમ નું આયોજન અને સંચાલન સુનીલભાઈ વાળંદ દ્વારા કરવામાં આવ્યું.

# ભિલોડામાં નવા ભવનાથના રહેણાંક વિસ્તારનાં મકાનમાં શોર્ટ સર્કિટથી આગ ભભુકી ઉઠી

## લાખો રૂપિયાનું નુકસાન : ઘટના સ્થળ પર લોકોના ટોળે ટોળા ઉમટ્યા







ભિલોડા,તા.૧૯

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે નવા ભવનાથના હાર્દસમા રહેણાંક વિસ્તારના એક બંધ મકાનમાં ભયાનક રીતે આગ ભભુકી ઉઠતા ઘટના સ્થળ પર લોકો ના ટોળે ટોળા ભેગા થઈ ગયા હતા. ભિલોડા નવા ભવનાથના રહેવાસી પ્રતિક ચૌહાણ સહિત આજુ-બાજુના રહેવાસીઓએ જણાવ્યું હતું. શોર્ટ સર્કીટ થી રહેણાંક મકાનમાં આગ ભભુકી ઉઠતા આગની જવાળાઓમાં ઘર વખરી, ફર્નિચર,એ.સી., ટી.વી. સહિત વિવિધ ચીજ વસ્તુઓ બળી જતા લાખો રૂપિયાનું નુકસાન મકાન ધારકને સહન કરવાનો વારો આવ્યો છે.ઘરના સર્વે સભ્યો અમદાવાદ ગયેલા હોય આબાદ બચાવ થયેલ છે. નવા ભવનાથના રહેવાસી કમલેશભાઈ સેવકરામ મીઠાણીના ઘરમાં એકા એક આગ ભભુકી ઉઠતા આગની જવાળાઓ દુર દુર સુધી પ્રસરી હતી.નવા ભવનાથના સામાજીક આગેવાનો અને આજુ બાજુના રહેવાસી સહિત સગાં-સંબંધીઓએ ફાયર બ્રિગેડની ટીમ તાબડતોબ બોલાવી હતી.ફાયર બ્રિગેડની ટીમ આવે તે પહેલાં જ આગ ભયાનક રીતે ભભુકી ઉઠતા મોટા પાયે નુકસાન થઈ ગયું હતું.ઈડર નગરપાલિકાની ફાયર ફાઈટર ટીમ,પોલીસ અને યુ.જી.વી.સી.એલ ના અધિકારીઓ તાબડતોબ ઘટના સ્થળે પહોંચ્યા આગને કાબુમાં લીધી હતી.

### ભિલોડામાં ફાયર બ્રિગેડની તાતી જરૂરિયાત

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં વારંવાર કોઈ પણ કારણોસર કયાંય પણ કોઈ પણ વિસ્તારમાં ભયાનક રીતે આગ ભભુકે ત્યારે ફાયર બ્રિગેડની ટીમો મોડાસા,હિંમતનગર,ઈડર તેમજ અન્ય વિસ્તારમાંથી આવે ત્યાં સુધીમાં લાખોની માલમતા ભસ્મીભુત થઈ જતી હોય છે.ભિલોડા તાલુકા મથક ખાતે ફાયર બ્રિગેડની ટીમની તાતી જરૂરિયાત છે તેમ લોક મુખે ચર્ચાઈ રહ્યું છે.જીલ્લા કક્ષાના વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ દ્વારા ન્યાયિક પ્રક્રિયા સત્વરે હાથ ધરાઈ તેવી માંગણી ઉઠવી છે.

# બાયડ તાલુકા પ્રાથમિક ટીચર્સ મંડળીના ચેરમેન તરીકે શીતલબેન પટેલની નિયુક્તિ...

## પ્રાથમિક શિક્ષકોમાં ખુશાલી



બાયડ તા.૧૯

બાયજ તાલુકા પ્રાથમિક ટીચર્સ મંડળી, ડેમાઈ ના ચેરમેન પદ માટેની ચૂંટણી યોજાઈ હતી જેમાં અરજણ વાવ પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક શીતલબેન સતિષભાઈ પટેલની નિયુક્તિ થતાશિક્ષકોમાં ખુશાલી છવાઈ હતી કરોડનું ટર્ન ઓવર ધરાવતી પ્રા.શિક્ષકોની ધિરાણ મંડળી નું સુકાન મહિલાને સુપ્રત કરી કારોબારી સભ્યોએ એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

# શામળાજી મંદિર ટ્રસ્ટના પ્રમુખ તરીકે વરણી



બાયડ તા.૧૯

હિંમતનગરના શ્રેષ્ઠી અને અનેક સામાજિક સેવાકીય સંસ્થા સાથે જોડાયેલા દિલીપભાઈ ગાંધીની તાજેતરમાં શામળાજી મંદિર ટ્રસ્ટના પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે. શામળાજી મંદિર ટ્રસ્ટ તેમજ ડાંગરેજી મહારાજ અન્નક્ષેત્ર સાથે વર્ષોથી સંકળાયેલા દિલીપભાઈ ગાંધીની પ્રમુખ તરીકેની વરણીને જિલ્લાવાસીઓએ આવકારી શુભેચ્છાઓ પાઠવી હતી. શામળાજી વિષ્ણુ મંદિર દ્વારા ચલાવવામાં આવતી સંસ્થાઓના વિકાસ તથા સુવિધાઓમાં વધારો થશે.

# વિશ્વેશ્વર બનાસ નદીમાં મોટા પ્રમાણમાં ગણપતિ પ્રતિમાઓનું વિસર્જન કરાયું

## બનાસનદી બન્ને કાંઠે વહેલા લાગતા લોકો સ્નાન માટે મોટી સંખ્યામાં ઉમટયા



પાલનપુર, તા. ૧૯

અમીરગઢ તાલુકાના ઈકબાલગઢ નજીક પસાર થતી લોક માતા બનાસ નદી બન્ને કાંઠે વહી રહી હોય ભાદરવા સુદ અગીયારના દિવસે અહીં મોટી સંખ્યામાં લોકો નદીના પવિત્ર જળ માં ગણપતિ દાદાની પ્રતિમાઓનુ વિસર્જન કરવા ઉમટી પડતા મેળા નો માહોલ છવાયો હતો

રાજસ્થાનના ઉપરવાસ માં સારા પ્રમાણમાં વરસાદ થતાં ઈકબાલગઢ નજીક આવેલ વિશ્વેશ્વરમાં બનાસનદીમાં નવા નીરની આવક શરૂ થતાં હાલ ગણેશ મહોત્સવની પુર્ણાહુતીને લઈ લોકો ગણપતિ દાદાની પ્રતિમાઓ પધરાવવા ઉમટી રહ્યા છે જેમાં શુક્રવારે મોટી મોટી સંખ્યામાં ગણપતિ ની પ્રતિમાઓનું નદીના પવિત્ર જળમાં વિસર્જન કરાયું હતી જોકે ચાલુ વર્ષે સિઝનમાં પ્રથમ વાર બનાસનદી બન્ને કાંઠે વહેલા લાગ્યા લોકો અહીં નદીમાં સ્નાન કરવાનો પણ લ્હાવો પણ માણી રહ્યા છે જોકે બનાસ નદી મોડે મોડે પણ સજીવન બનીને ખળખળ વહેવા લાગતા લોકોમાં આનંદની લાગણી છવાઈ છે





ગણપતિ બાપા મોરિયા...અગલે બરસ તુમ જલ્દી આના...દેવા હો દેવા ગણપતિ દેવા... અનંત ચૌદશ નિમિત્તે... સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાના સહિતના ભિલોડા તાલુકામાં ગણપતિ વિસર્જન દરમ્યાન ભાવિક ભક્તો ભાવ વિભોર...